# GEOGRAPHY OF THE WORLD

Intended for the use of

ANGLO-VERNACULAR SCHOOLS.

BY

KHUSHALDAS DHARMDAS TINNA,

Assistant Master,

N. J. High School Karachi.

AND

CHELLARAM HEMANDAS LODA.



Karachi:

*Printed at the "New Aryan" Press.*

1898.



FIRST EDITION 1000 COPIES PRICE 8 ANNAS.

# GEOGRAPHY OF THE WORLD

Intended for the use of

ANGLO-VERNACULAR SCHOOLS.

BY

KHUSHALDAS DHARMDAS TINNA,

Assistant Master,

N. J. High School Karachi.

AND

CHELLARAM HEMANDAS LODA.

*Registered under act XXV. of 1867*

Karachi:

*Printed at the "New Aryan Press."*

1898.



FIRST EDITION 1000 COPIES PRICE 8 ANNAS.

# GEOGRAPHY ભૂગોળ. વિદ્યા

## પૃથ્વીની રચનાના વર્ણનને જીઑગ્રાફી કહે છે.

## Shape of the Earth પૃથ્વીનો આકાર.

**આગલા** વખતમાં માણસો એમ સમજતાં હતાં કે પૃથ્વી સપાટ છે, પણ હમણાં ખાત્રી જેવાં પ્રમાણો અને દાખલાઓથી સિદ્ધ કરવામાં આવ્યું છે કે, પૃથ્વીનો આકાર ગોળ દડા જેવોછે પણ તે પૂર્ણ ગોળાકાર નથી. તેનો આકાર N. Pole ઉત્તર ધ્રુવ અને South Pole દક્ષિણ ધ્રુવ આગળ ચપટો નારંગીના આકાર જેવો થયેલો જણાયછે.—**પ્રમાણો**

૧ જે લોકો વહાણમાં બેશી પૃથ્વીની પ્રદક્ષિણા કરેછે તેઓ જે જગ્યાથી નીકળ્યા હોયછે તેજ જગ્યાએ ફરીને આવેછે. જેમ ઇ. સ ૧૫૨૦ માં માગીલાન નામે એક ગૃહસ્થ સ્પેન દેશમાંથી વહાણમાં બેશીને પૂર્વ દિશા તરફ નીકળ્યો ને એકોં તરફ (એકની એકજ દિશામાં) વહાણ હંકારતાં ૧૧૨૪ દીવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પાછો તેજ દેશમાં આવી પહોંચ્યો.

૨ જ્યારે ચંદ્ર ગ્રહણ થાયછે ત્યારે ચંદ્ર ઉપર પૃથ્વીની છાયા પડેછે તે ગોળ જણાયછે.

૩ જ્યારે દરિયામાં કિનારા આગળથી, વહાણ આલવા માંડેછે, ત્યારે પ્રથમ તો તેનું તળીઉં, પછી સઢ ને છેલ્લીવારે કુવાની ટોચ દેખાતી બંધ થાયછે. આ ઉપરથી સાફ માલુમ પડેછે કે પૃથ્વી સપાટ નથી કેમકે જો સપાટ હેતતો આખું વહાણ એકજ વેળા નજરથી દૂર જાત.

## Motions of the Earth

## પૃથ્વીની ગતિ અથવા ચાલ

પૃથ્વીની ગતિ બે પ્રકારની છે. એક Rotation **દૈનિક ગતિ** એટલે પોતાની આંસ ઉપરની ગતિ જેથી રાત્રી અને દિવસ થાયછે. એ ગતિ ૨૪ કલાકમાં પૃથ્વી પૂરી કરેછે બીજી Revolution **વાર્ષિક ગતિ** એટલે સૂર્યની આસ ફરવાની ગતિ જેથી ઋતુ ફરેછે. એ ગતિ એક વર્ષમાં સંપૂર્ણ થાયછે.

Axis-**પૃથ્વીનો આંસ** કે ધરી એક કલ્પિત લીટીછે, અને તે તેના મધ્ય બિંદુ (કેંદ્ર)માં થઇને જાયછે, અને પૃથ્વી તેના ઉપર પોતાની દૈનિક ગતિ કરેછે. જે બે બિંદુઓ આગળ આ કલ્પિત વ્યાસ પૃથ્વીના પૃષ્ટને છેદેછે, તે પૃથ્વીના ધ્રુવ (Poles) કહેવાયછે

North-ઉત્તર તરફ યુરોપની નજદીક જે ધ્રુવ છે તેને N. Pole ઉત્તર ધ્રુવ ને South દક્ષિણ માં જે ધ્રુવ આવેછે તેને South Pole કે દક્ષિણ ધ્રુવ કહેછે.

Equator-(ભૂમધ્યરેષા) વિષુવવૃત એ બન્ને ધ્રુવથી સરખે અંતરે આવેલું વર્તુળ છે જેની સપાટી પૃથ્વીના આંસ સાથે કાટખૂણો કરેછે.

Meridians-યામ્યોત્તર રેષાઓ એ એક ધ્રુવથી બીજા ધ્રુવસુધી વિષુવવૃત્ત ને કાટખૂણે છેદી જનારાં વર્તુળો છે.

Latitude-અક્ષાંસવૃત એ વિષુવવૃતથી ઉત્તર દક્ષિણ અંતર જણાવનારાં વર્તુળોછે.

Longitude-રેખાંશવૃત્ત એ મુકરર કરેલી યામ્યોત્તર રેષાથી પૂર્વ પશ્ચિમ અંતર જણાવનારાં વર્તુળો છે.

## Zones-કટિબંધ

પૃથ્વી પાંચ કટીબંધોમાં વહેંચાયલી છે.

1 N. Frigid zone-ઉત્તર શીત કટિબંધ.
2 N. Temperate zone-ઉત્તર સમશીતોષ્ણ કટિબંધ.
3 Torrid zone-ઉષ્ણ કટીબંધ.
4 South Temperate zone-દક્ષિણ સમશીતોષ્ણ કટિબંધ
5 South Frigid zone દક્ષિણ શીત કટિબંધ.

## Natural Divisions of Land.

## જમીનના કુદરતી ભાગો.

પાણી અને જમીન મળીને પૃથ્વીની સપાટી બનીછે. જો આપણે આખી પૃથ્વીના ચાર ભાગ કરીશું તો તેમાંના ત્રણ ભાગમાં પાણી ને ચોથો ભાગ જમીન થશે.

## પૃથ્વીના મોટા ભાગો.

## Eastern Hemisphere & Western Hemisphere.

પૃથ્વીના બે મુખ્ય ભાગ છે. પૂર્વ ગોળાર્ધ ને પશ્ચિમ ગોળાર્ધ; એ બન્ને ગોળાર્ધ માં પાંચ ખંડ છે. પૂર્વ ગોળાર્ધ (જુની દુનિયા)માં એશિઆ યૂરોપ ને આફ્રિકા છે. પશ્ચિમ ગોળાર્ધ(નવી દુનિયા)માં અમેરિકા છે.

## Divisions of land જમીનના ભાગો.

A continent-ખંડ. જમીનના જે ભાગમાં ઘણા દેશો આવેલા હોય તેને કૉંટીનેન્ટ કહેછે.

An Island–બેટ, જમીનનો ભાગ ચારે બાજુએ પાણીથી વીંટાયલો હોય તેને આયલંડ કહેછે.

A Peninsula–દ્વિપકલ્પ, જમીનનો જે ભાગ ત્રણ બાજુએ પાણીથી વીંટાયલો હોય તેને પેનિનસુલા કહેછે.

An Isthmus–સંયોગી, ભૂમી બે મોટા જમીનના ભાગને જોડનારા સાંકડા જમીનના ભાગને ઇસ્ત્મસ કહેછે.

A Cape–ભશીર, જે જમીનની અણી લાંબી વધીને સમુદ્રમાં ગયેલી હોય તેને કેપ કહેછે.

A Mountain–પર્વત. ઘણા ઊંચા ને ઘણા લાંબા ટેકરા હોય તેને માંઉટેન કહેછે.

A Volcano–જ્વાળામુખી. જે પર્વતના ગથાળાંમાંથી ધુમાડો રાખ ઉનો રસ વગેરે પ્રવાહી પદાર્થ નીકળેછે તેને વાલકેનો કહેછે.

A Plain–મેદાન. સપાટ જમીનના ભાગને પ્લેન કહેછે.

A Tableland or Plateau–ઉચ્ચપ્રદેશ, પહાડો ઉપર આવેલા પ્રદેશને ટેબલ-લેન્ડ અથવા પ્લેટો કહેછે.

A valley–ખીણ. ડુંગરો કે પર્વતની વચ્ચેના નીચા પ્રદેશને વેલી કહેછે.

A Desert, Run–રણ. જે જમીનનો ભાગ ઘણા ગાઉ સુધી સપાટ રેતાળ હોય, અને ઝાડ પાન કે પાણી જેમાં જવલે મળે તેને ડેઝર્ટ કહેછે.

A Coast–કિનારો. દરિયાની પાસે આવેલી જમીનને કોસ્ટ કહેછે

## Divisions of water. પાણીના મુખ્ય ભાગો.

An Ocean–મહાસાગર. ખારા પાણીના સૌથી મોટા સમુદાયને ઓશન કહેછે. જેમ ઍટલાન્ટિક ઓશન.

A Sea–સમુદ્ર. મહાસાગર કરતાં નાના ખારા પાણીના સમુદાયને સી કહેછે જેમ અરેબીઅનસી.

A Gulf–અખાત. જમીન ઉપર લાંબા ગયેલા સમુદ્રના ફાંટાને ગલ્ફ કહેછે. જેમ પર્શ્યન ગલ્ફ.

A Lake–સરોવર ચારે બાજુએ જમીનથી વીંટાયલા પાણીના ભાગને લેક કહેછે. જેમ લેક બૈકાળ.

A Strait–સામુદ્રધુની. પાણીના બે મોટા ભાગને સાંધનારા સાંકડા પાણીના ભાગને સ્ટ્રેટ કહેછે. જેમ સ્ટ્રેટ ઓફ ડોવર

River–નદી. પર્વતમાંથી કે સરોવરમાંથી મીઠા પાણીનો પ્રવાહ નીકળી હળતી જગ્યામાં વહી સમુદ્ર સરોવર કે રણમાં સમાય તેને રિવર કહેછે. જેમ ધી ઇન્ડસ.

Source–મૂળ. જે જગ્યાએથી નદી નીકળેછે તે જગ્યાને તેનુ સોર્સ કહેછે.

Mouth–મૂખ. જે જગ્યાએ નદી સમુદ્રને મળેછે ત્યાં તેનું માઉથ કહેવાયછે.

નદીમાં જો તેના મુખ તરફ મોઢું કરી ઉભા રહીએ તો જમણા હાથવાળો કીનારો અંગ્રેજીમાં રાઇટ બેંક (Right Bank) અને ડાબા હાથવાળો કીનારો લેફ્ટ બેંક (Left Bank) કહેવાશે.

મોટી નદીમાં જે મીઠા પાણીનો નાનો પ્રવાહ આવી મળેછે તેને ટ્રિબ્યુટરી Tributary) કહેછે.

ને જે પાણીનો પ્રવાહ નદીમાંથી નીકળી બીજી તરફ વહી જાયછે તેને બ્રેંચ Branch) કહે છે.

નદીના મુખ આગળ જે ત્રિકોણાકાર બેટ નદીના ફાંટાથી બનેછે તેને ડેલ્ટા (Delta) કહેછે. જેમ ડેલ્ટા ઓફ ધી ઇન્ડસ.

## દિશાઓ.

જે દિશામાં સૂર્ય ઊગેછે તેને પૂર્વ (E ઇસ્ટ) કહેછે, ને સાંજે જે દિશામાં સૂર્ય આથમેછે તેને પશ્ચિમ (W વેસ્ટ) કહેછે. પૂર્વ દિશા ભણી મ્હોં કરી ઉભા રહીએ તો ડાબા હાથ તરફની દિશા (N નાર્થ) ઉત્તર ને જમણા હાથ તરફની દિશા દક્ષિણ (S સાઉથ) છે.

## નકશાની દિશાઓ.

A Map. નકશો, સપાટ વસ્તુ ઉપર આપણી પૃથ્વીનો કે તેના કોઈ ભાગનો આકાર પાડેલો હોય તેને મેપ કહેછે.

નકશાની સામે મ્હોં કરી ઉભા રહીએ તો માથા ભણી ઉત્તર, પગ ભણી દક્ષિણ, જમણા હાથ ભણી પૂર્વ, ને ડાબા હાથ ભણી પશ્ચિમ દિશા જાણવી.

## Corresponding terms of land and water.

## જમીન અને પાણીના મળતા આવતા ભાગોનાં નામ.

| Land–જમીન | Water–પાણી |
|---|---|
| 1 Continent–ખંડ | Ocean–મહાસાગર |
| 5 Country–દેશ | Sea–સમુદ્ર |
| 3 Island–બેટ | Lake–સરોવર |

4 Isthmus-સંયોગીભૂમી　　Strait-સામુદ્રધુની
2 Peninsula દ્વિપકલ્પ　　Bay-ઉપસાગર

## Five Continents-પાંચ ખંડ

1 Asia એશિઆ, 2 Europe યુરોપ, 3 Africa આફ્રિકા
4 America અમેરિકા, 5 Oceania ઓશિનિઆ.

## Five Oceans-પાંચ મહાસાગર

1 The Pacific Ocean ધી પાસિફિક ઓશન.

2 The Indian Ocean ધી ઇન્ડિઅન ઓશન જેને હિંદી મહાસાગર પણ કહેછે.

3 The Atlantic Ocean ધી એટલાન્ટિક ઓશન.

4 The Arctic Ocean ધી આર્કટિક ઓશન.

5 The Antarctic Ocean ધી ઍન્ટાર્ટીક ઓશન.

## Climate આબો હવા.

ગરમી, ઠંડી, વરસાદ ઈત્યાદી ને લીધે દેશમાં જે આબો હવા ને પાણી વગેરેમાં તફાવત જણાયછે તેને Climate કલાઈમેટ એટલે આબો હવા કહેછે.

## Races of Mankind મનુષ્યની જાતી.

મનુષ્યોની પાંચ જાતી કરેલી છે. 1 Caucasians કાકેઝયન્સ. 2 Mangolians મંગોલીઅન્સ. 3 Negroes શીદી 4 Malayins મલાયન્સ. 5 American Indians અમેરિકન ઈન્ડીઅન્સ.

### તેઓનાં ચિન્હ

કાકેઝયનની ચામડી ગોરી, મોઢું ઈંડાંના આકાર જેવું અને આંખો મોટી હોયછે.

2 મંગોલીઅન માણસોની ચામડી પીળી, મોઢું ચપટું, દાઢી બુચી, ને નાક નાનું હોયછે.

3 શીદી લોકની ચામડી કાળી, બાળ ઉન જેવા, દાંત સફેત ને નાક ચપટું હોયછે.

4 મલાયનની ચામડી ઘઊંના રંગ જેવી, નાક પહોળું, વાળ સખત, ને આંખો પીળી હોયછે.

5 અમેરીકન ઇન્ડીઅનની ચામડી તાંબાના રંગ જેવી, બાળ લાંબા અને કાળા હોયછે.

## Religions ધર્મ.

**બુદ્ધ ધર્મ**—આ ધર્મ એશિઆની પૂર્વમાં ચાલેછે. આ ધર્મનો સ્થાપનાર ગૌતમ બુદ્ધ હતો.

**હિંદુ ધર્મ**- હિંદુસ્થાનમાં ચાલેછે. એ ધર્મ પાળનાર વેદને માનેછે. તેઓના ચાર વેદ છે.

**મુસલમાની ધર્મ**—આ ધર્મ ઉવેસ્ટર્ન એશિઆ પશ્ચિમ એશિઆ યુરોપીઅન ટર્કી અને (નાર્થ) ઉત્તર આફ્રીકામાં ચાલેછે. એ લોકો ફકત ખોદાનેજ માને છે.

**ફેચિઝિમ**—આ ધર્મ શીદી લોકો પાળેછે એ ધર્મના લોકો ઝડ ને ઈંડાંઓની પુજા કરેછે.

**ખ્રીસ્તી ધર્મ**-આ ધર્મ યુરોપ, અમેરિકા, અને હમણાં આખી દુનિઆમાં ફેલાતો જાયછે. આ લોકોના ધર્મી પુસ્તકને બાઈબલ કહેછે.

## Government—રાજ્ય વહીવટ અથવા સરકાર

રાજ્ય વહિવટના બે પ્રકાર છે 1 Monarchy માનર્કી એટલે બાદશાહત, 2 Republic રિપબ્લીક એટલે પ્રજા સત્તાક રાજ્ય. માનર્કી બે પ્રકારની છે 1 Limited Monarchy લીમીટેડ માનર્કી હદ બાંધેલું રાજ્ય 2 Absolute Monarchy એબ્સોલ્યુટ માનર્કી ખુદ મુખ્તયાર અથવા સ્વતંત્ર રાજ્ય.

Limited Monarchy જ્યાં લીમીટેડ માનર્કી હોયછે ત્યાં રાજાની સત્તાની હદ બાંધેલી હોયછે; એટલે તે આપ અખ્તયારીથી રાજ્ય કરતો નથી, પણ પાર્લામેંટ અથવા બીજી કોઇ સભાની સલાહથી રાજ્ય કરેછે.

Absolute Monarchy. જ્યા રાજાની સત્તા સ્વતંત્ર હોયછે ને જેમ ચાહે તેમ કરી શકેછે, એટલે ન્યાય અથવા વગર ન્યાયે રાજ્ય કરી શકેછે ત્યાંના સરકારને એબસોલુટ માનર્કી કહેછે.

Republic જ્યાં રાજા કે રાણી નીમેલ ન હોય, ને ફકત પ્રજા પોતાના તરફનો એક પ્રેસિડેન્ટ રાજ્ય કારભાર ચલાવવા સારૂ મુકરર કરેછે ત્યાંની સરકારને રિપબ્લીક કહેછે.

## ASIA એશિઆ.

આ ખંડ દુનિયાના સઘળા ખંડોથી મોટોછે; અને આખી દુનિયાનો ત્રીજો ભાગ એમાં સમાયલો છે. તેમાં દુનિયાની વસ્તીમાંથી ૢ ભાગ મનુષ્ય વસેછે. આ પ્રાચીન ખંડ છે એમાં સનાતન મોટી મોટી બાદશાહતો ને સલતનતો થઈ ગઈ જણાયછે. મોટા મોટા ધર્મોના સ્થાપનાર પણ તેમાંજ ઉત્પન્ન થએલા જોવામાં આવેછે.

Boundries (બાંઉનડ્રીઝ)–સીમા N. ઉત્તરમાં આર્કટિક ઓશન S. દક્ષિણમાં ઇંડિઅન ઓશન, E. ઇસ્ટમાં પેસિફિકઓશન, W. ઉવેસ્ટમાં રેડ સી, મેડીટરેનીઅનસી, બ્લેક સી ને યુરોપ.

Area–ક્ષેત્રફળ, એશિઆ ખંડનું ક્ષેત્રફળ આશરે સોળ 16 મિલીઅન્સ ચોરસ માઈલ્સ છે.

એશિઆને ઇસ્થમસ ઑફ્ સુવેઝ આફ્રીકાની સાથે જોડે છે, ને બેહરિંગ સ્ટ્રેટ તેને અમેરિકાથી જુદો પાડે છે.

### Countries દેશો.

### In the North–ઉત્તરમાં.

| Country. | Capital. | River &c. |
|---|---|---|
| દેશ | રાજધાની | નદી ઇત્યાદી. |
| એશિયાટિક રશિઆ ( સૈબેરિઆ ) | ટોબોલ્સ્ક | ઇર્ટીશ. |

### In the East–પૂર્વમાં.

| | | |
|---|---|---|
| ચાઇનીઝએમપાયર | પેકીન | પેહો. |
| જાપાન | યડો ( ટોકીઓ ) | નીપોનના કિનારા ઉપર |

### In the South–દક્ષિણમાં.

| | | |
|---|---|---|
| ફુરધર ઇંડિઆ | મેંડલે | ઇરાવદી |
| ઈન્ડિઆ, અથવા હિંદુસ્થાન, | કલકત્તા | હુગલી. |

### In the West–પશ્ચિમમાં.

| | | |
|---|---|---|
| અરેબિઆ | મસકત | ગલ્ફ ઓફ ઓમન |
| એશિઆટિકટર્કી | સ્મરના | એજનસી |

### In the Centre–મધ્યમાં.

| | | |
|---|---|---|
| પરશિઆ | ટેહેરાન | માંઉંટ, એલબરઝની દક્ષિણમાં |
| અફઘાનિસ્તાન | કાબુલ | કાબુલ |

| | | |
|---|---|---|
| બલુચીસ્તાન | કેલાત | ગંડાવા |
| તુર્કસ્તાન | બુખારા | ઝેરિફ્શાન |

## Seas-સમુદ્ર.

**In the N. W.** નાર્થ વેસ્ટ વાય્ય કોણમાં—બ્લેકસી, સી આફ માર• મોરા, અને મેડીટરેનીઅનસી.

**In the South** દક્ષિણમાં—રેડસી, અને અરેબીઅનસી.

**In the East** પૂર્વમાં—ચાઈનાસી, યલોસી, સી આફ જપાન, સી આફ ઓકોટસ્ક, સી આફ્ કેમચાટકા અથવા બેહેરિંગસી.

## Gulfs-અખાત.

**In the North** ઉત્તરમાં, ગલ્ફ આફ્ ઓબી સૈબીરિઆની ઉત્તરમાં.

**In the East** પૂર્વમાં ગલ્ફ આફ્ સીઆમ ને ગલ્ફ આફ્ ટાનકિન ચાઈના સીની શાખાઓછે.

**In the South** દક્ષિણમાં, ગલ્ફ આફ્ માર્તબાન સાઉથ આફ્ બરમા (ઉત્તરમાં), ગલ્ફ આફ મનાર ઈંડિઆ અને સીલોનની વચ્ચે, ગલ્ફ આફ્ કચ્છને ગલ્ફ આફ કેમ્બે હિંદુસ્તાનની (વેસ્ટ) પશ્ચિમમાં.

**In the West** પશ્ચિમમાં, પરશીઅન ગલ્ફ અને ગલ્ફ ઓફ ઓમન અરેબીઆને પરશીઆની વચ્ચેછે, ગલ્ફ આફ્ એડન અરેબીઆને આફ્રિકાની વચ્ચે છે.

## Bays-ઉપસાગર.

બે ઓફ્ બેંગાલ ઇંડિઆની પૂર્વ (ઈસ્ટ) માં.

## Strait-સમુદ્રધુની.

સ્ટ્રેટ આફ્ બાબલ મેંડબ અરેબિઆને આફ્રિકાની વચ્ચે છે. અને ગલ્ફ આફ એડનને રેડસી સાથે જોડે છે.

સ્ટ્રેટ આફ ઓર્મઝ અરેબિઆની પૂર્વ (ઈસ્ટ)માં છે. પાકસ્ટ્રેટ ઈન્ડિઆને સીલોનની વચ્ચે છે.

સ્ટ્રેટ આફ્ મકાસર સેલીબસ ને બોર્નીઓની વચ્ચે છે.

સંડાસ્ટ્રેટ સોમાત્રાને જાવાની વચ્ચે છે

સ્ટ્રેટ આફ્ મલાકા મલાયાને સોમાત્રાની વચ્ચે છે.

સ્ટ્રેટ આફ્ કોરીઆ, યલોસીને સી આફ જાપાન સાથે જોડે છે.

બહેરિંગ સ્ટ્રેટ એશિઆને અમેરિકાની વચ્ચે છે.

## Isthmus-સંયોગી ભૂમી.

ઇસ્‌ગસ આફ સુવેઝ અરેબીઆને આફ્રિકા સાથે જોડે છે.

## Islands-બેટ.

### પૅસીફિક ઓશન.

એલ્યુશન આયલન્ડસ કેમચાટકાને અમેરિકાની વચ્ચે છે. કયુરીલ આયલન્ડસ નાર્થ આફ જાપાન (ઉત્તરમાંછે)
સગેલીઅન ને જાપાન આયલન્ડસ એશિઆની પૂર્વે (ઇસ્ટ) માં છે,
હૈનન અને હાંગકાંગ ચાઈનાની (સાઉથ) દક્ષિણમાં છે.
ઇસ્ટઈન્ડીઝ એટલે સોમાત્રા, જાવા, બોર્નીઓ, સેલીબીઝ, મોલ્યુકસ, ન્યુગિની અને ફીલિપાઇન આઇલ્સ પણ પેસિફિક ઓશનમાં છે.

### ઇંડિઅન ઓશન.

એન્ડામન ને નીકોબાર બે આફ બેંગાલમાં છે.
લકદીવ્ઝ ને માલદીવ્ઝ હિંદુસ્તાન ( સાઉથ વેસ્ટ આફ ઇન્ડિઆ)ની નૈઋત્ય કોણ માં છે. સીલોન હિંદુસ્તાનની દક્ષિણ (સાઉથ) માં છે.
મેડીટરેનીઅન્સીમાં–સાઇપ્રસ.

## Capes ભૂશિર

સેવેરો અથવા નાર્થ ઇસ્ટકેપ સૈબીરીઆમાં છે;—એશીઆની ઉત્તરની અણી છે.
ઈસ્ટકેપ બેહેરિંગ સ્ટેટ પાસે છે;—આએશિઆની પૂર્વની અણી છે.
રોમાનીઆ મલાયામાં છે;—આએશિઆની દક્ષિણની અણી છે.
બાબા એશિઆ માઇનરમાં છે.—આએશિઆની પશ્ચિમની અણી છે.
કામોરીન હિંદુસ્તાનની દક્ષિણની અણી છે.—
રાસલમારી સિંધની દક્ષિણમાં છે.—રાસલહદ, અરેબીઆની (સાઉથઈસ્ટ) અગ્નિ કોણમાં છે.

## Peninsulas-દ્વિપકલ્પ.

In the East પૂર્વમાં—કેમસ્ચાટકા સૈબિરીઆની પૂર્વમાં છે. કોરીઆ યલ્લોસી ને જપાનસીની વચ્ચે છે.

In the South દક્ષિણમાં—હિંદુસ્તાન ફરધર ઇંડિઆ અથવા ઇંડોચાઇનીઝ પેનીનસુલા, ને અરેબિઆ.

In the West પશ્ચિમમાં—એશિઆ માઇનર, બ્લેકસી અને મેડીટરેનીઅનસી ની વચ્ચે છે.

શ્રીમાસા ને લુચુ આઇલ્સ ચાઇનાની પૂર્વમાં છે.—કેમ્બોડીઆ એનગમની સ.ઉથમાં છે નીગ્રેસ પેગુની (સાઉથ વેસ્ટ) નૈઋત્ય કોણમાં છે.

## Mountains-પર્વત.

હિમાલય (હિમ-બરફ+આલય જગ્યા, એટલે બરફની જગ્યા) દુનિયામાં સૌથી મોટોને ઉંચો પર્વત છે. આ પર્વત હિંદુસ્તાન અને ટિબેટની વચ્ચે છે એવરેસ્ટ અથવા ગૌરિશંકર, કુનચીન્યંગા અને ધ્વાલાગીરી હિમાલયના શિખરો છે.

કારાકોરમ કાશમીરની ઉત્તર (નાર્થ) માં છે.
હિંદુકુશ અફઘાનિસ્તાનમાં છે.
એલબર્ઝ પરશીઆમાં છે.
કાકેઝસ કેસ્પીઅનસી ને બ્લેકસીની વચ્ચે છે.
માંઉટ કાકેઝસનું શિખર માઉન્ટ એલબુર્ઝ છે.
આરમીનીઅન્સ એશિઆટિક ટર્કીમાં છે.
લેબનાનસીરીઆના કીનારાપર છે.
ટારસ એશિઆટીકટર્કીમાં છે.
કુવેનલન ટિબેટની ઉત્તર (નાર્થ) માં છે
થેન્શન ઇસ્ટર્ન તુર્કસ્તાનમાં છે.
આલટાઇ સૈબીરિઆની દક્ષિણમાં છે.
સ્ટેનોવાય ને યાબલોનાય સૈબિરીઆની પૂર્વમાં છે.
પેલીંગ, યનલીંગ, ને નેનલીંગ ચાઈનામાં છે.
માંઉટ સુલેમાન હિંદુસ્તાનને અફઘાનીસ્તાનથી છુટો પાડે છે.
હાલા હિંદુસ્તાનને બલુચીસ્તાનથી છુટો પાડે છે.
યુરલ માઉટન્સ એશિઆને યુરોપથી છુટો પાડે છે.
ઇનશાનને ખીંગાન સાઉથ ઇસ્ટ આફધી ડેઝર્ટ આફ શામો.
જબલેહાજાઝ ને જબલેઅખધર અરેબિઆમાં છે.

## Table Lands ઉચ્ચ પ્રદેશ.

ટિબેટ હિમઆલયની ઉત્તર (નાર્થ) માં છે,— આ દુનિયામાં સૌથી મોટો ઉંચ્ચ પ્રદેશ છે. પામીરસ્ટેપ ઈસ્ટર્ન તુર્કસ્તાનમાં છે. એને રૂફ આફધી વર્લ્ડ એટલે દુનિયાનુ છાપરૂં કહે છે. અફઘાનિસ્તાન, પરશિઆ, મંગોળીઆ, દક્ષિણ હિંદુસ્તાન, અરેબીઆ, અને એશિઆ માઇનર બીજા ઉચ્ચા પ્રદેશ છે.

## Rivers-નદીઓ.

In the North ઉત્તરમાં.—ઇરટીશ, ઓબી, યેનીસી, ને લેના, સૈબીરીઆ માંથી નીકળીને આર્ટીક ઓશનમાં પડે છે.

In the East પૂર્વમાં.—અમુર, યંગટીસકિઅંગ ને હોઆંગો, ચાઇનામાંથી વહીને પેસીફિક ઓશનમાં પડે છે

In the South દક્ષિણમાં.—મેકાંગ અથવા કેમ્બોડિઆ, ફર્ધર ઇંડિઆમાંથી વહીને ચાઇનાસીમાં પડે છે. ઇરાવદી, બ્રહ્મપુત્રા, ને ગેંજીસ (ગંગા) બે આફ બેંગાલમાં પડે છે

ઈંડસ (સિંધુ) અરેબિઅનસીમાં પડે છે.

યુફ્રેટીઝ ને ટાઇગ્રિસ પરશિઅન ગલ્ફમાં પડે છે.

### In the centre અંદરની નદીઓ.

સરદેરીઆ ને અમુદેરીઆ સી ઓફ અરલમા પડેછે.

યંગટિસકીઅંગ એશિઆમાં સૌથી મોટી નદી . જો કે એશિઆ સૌથી મોટો ખંડ છે. તોપણ તેની નદીઓ, અમેરિકાની નદીઓ જેટલી લાંબી કે મોટી નથી

## Lakes સરોવર.

Lakes—કેસ્પીઅનસી પરશિઆની નાર્થમાં છે. આ દુનીયામાં સૌથી મોટું ખારા પાણીનું સરોવર છે.

સી ઓફ એરલ કેસ્પીઅનસીની પૂર્વ(ઈસ્ટ)માં છે.

બાલકશ ને બૈકલ સૈબિરિઆની દક્ષિણ (સાઉથ)માં છે.

બૈકાલ એશિયામાં સૌથી મોટું મીઠા પાણીનુ સરોવર છે.

ઈસીકલ બાલકશની દક્ષિણ (સાઉથ)માં છે. ચુરેગીઆ પરશિઆમાં છે

વાન, ટઝગોલ અને ડેડસી એશિઆટીક ટર્કીમાં છે.

લાબનાર ને કોકોનાર ઇસ્ટર્ન તુર્કસ્તાનમાં છે.

ટેગ્રીનાર ને માન સરોવર ટીબેટમાં છે.

## Climate આબો હવા.

એશિઆના દક્ષિણ ભાગો ગરમ છે. મધ્ય ભાગો ઉનાળામાં ગરમ ને શિઆળા માં ઠંડા રહેછે; ને ઉત્તરના ભાગોમાં ઠંડી તમામ ઘણી પડેછે. અરેબીઆ ને મધ્ય એશિઆના કેટલા ભાગોમાં વરસાદ વરસતો નથી.

## Minerals ખનીજ પદાર્થ.

સોનું ને રૂપું સૈબિરિઆમાંથી મળી આવેછે. પારો ચીનમાંથી નીકળેછે. કલાઇ ફરધર ઈંડિઆમાંથી મળેછે. લોઢું, તાબું, સીસું, કોયલા ને ગીઠું કે નીમક જુદા

જુદા ભાગોમાંથી મળી આવેછે હિંદુસ્તાનમાં ઉત્તમ ને સારા હીરા અને રત્નો જડેછે. (રૂબી) લાલ બરમા ને સીલોનમાંથી નીકળેછે. કોહીનૂર નામે એક પ્રખ્યાત હીરો જે હમણાં મહારાણી વીકટોરીઆ પાસે છે તે ગોવળકંડા આગળ ગોદાવરી નદીની રેતીમાંથી મળ્યો હતો.

## Vegetables વનસ્પતિ.

ચોખા દક્ષિણના દેશોમાં ઘણા થાયછે ઘઊં ને જવ ઉત્તરમાં ઉગેછે. મસાલા દક્ષિણના બેટોમાં થાયછે ચાહ ચીન (ચાઈના) જાપાન, ઇંડિઆ, (હિંદુસ્તાન) ને સીલોનમાં થાયછે કાફી સીલોન, ઇંડિઆ (હિંદુસ્તાન) અને અરેબિઆમાં થાયછે. ખજુર ને શેરડી ગરમ દેશોમાં ઉગેછે. કપાસ ને ગળી હિંદુસ્તાનમાં ઉગેછે.

## Animals જનાવર પ્રાણી.

હાથી, ને ગેંડા હિંદુસ્તાનમાં થાયછે. અરેબીઆ, ને પરશિઆ ઘોડાઓ સારૂ પ્રખ્યાતછે. ઊંટ સાઉથ વેસ્ટર્ન એશિઆ, હિંદુસ્તાન અને તાતારમાં મળેછે. વાઘ, ઝેરી સાપ, અને સુંદર પક્ષિઓ દક્ષિણના દેશોમાં જોવામાં આવેછે. સિંહ પશ્ચિમમાં મળેછે ઊન (પશમ)વાળા જનાવર ઉત્તરમાં મળેછે. રેશમી કીડા ગરમ ભાગોમાં મળેછે. (ચીન અને ઇંડિઆ)

## Population વસ્તી.

એશિયામાં આશરે ૭૫ કરોડ 767 મીલીઅન્સ એટલે દુનિયાની અર્ધી વસ્તી જેટલા માણસ વસેછે ચાઈના. જાપાન, અને ઇંડિઆમાં ઘાડી વસ્તી છે. વેસ્ટર્ન (પશ્ચિમ) એશિઆ, અને હિંદુસ્તાનનાં માણસો કાકેશીઅન જાતના છે. મલાયા ને તેની આસપાસ ના બેટોના માણસોની જાત મલાયન છે જે માણસો ચાઈના, મધ્ય એશિઆ ને ઉત્તર એશિઆમાં રહેછે તેઓ મંગોલીઅન જાતના છે એશિઆના લોકો પોતાની કદીમ અને જુની રસમો ઉપર ચાલનાર છે. તેઓ નમ્રતાવાળા છે ખગ પણ સચ્ચાઈ ઉપર પૂરતું ધ્યાન આપતા નથી જણાતા સ્ત્રીઓ ઘણું કરીને અભણ રહેછે. મુસલમાનોની સ્ત્રીઓ બુરખા પહેરી બહાર નીકળેછે.

## Government સરકાર રાજ્ય.

એશિઆનાં બધા દેશીરાજ્યો ડેસ્પોટિક છે કેટલીક જાતના માણસો, સરદારો અને શાહજાદાઓ લુટફાટ ઉપર ગુજરો કરેછે અરબ, તાતારી લોકો, અને મલાયન જાતના લોકો લુટારાઓ તરીકે ઘણાજ પ્રખ્યાત છે.

## Religions ધર્મ.

પૃથ્વીઉપર જે મુખ્ય ધર્મો ચાલેછે તે બધા પહેલાં એશિઆમાં ઉત્પન્ન થયલા જણાયછે.

હિંદુ ધર્મ–ફક્ત હિંદુસ્તાનના લોકોજ પાળેછે. આ ધર્મના લોકોના ૪ વેદ છે. ૧ ઋગ્વેદ, ૨ યજુર્વેદ, ૩ સામવેદ અને ૪ અથર્વ વેદ.

૨ બુદ્ધ ધર્મ–ફર્ધર ઈંડિઆ, ચાઇનીઝએમપાયર જાપાન અને સીલોનમાં ચાલેછે. આ ધર્મના લોકો બુદ્ધનેજ માને છે જેને તેઓ સર્વ જ્ઞાની સમજેછે.

૩ મુસલમાની ધર્મ–એશિઆટિકટર્કી અરેબીઆ, પરશિઆ, અફ્ઘાનિસ્તાન, બલુચીસ્તાન, અને તુર્કીસ્તાનમાં ચાલે છે. આ ધર્મના લોકો ફક્ત અલ્લાનેજ માનેછે. અને તેઓના ઉપર દરરોજ પાંચ વખત નમાજ ભણવાની ફરજયાત પાડેલી છે મહમદ તેઓનો પેગંબર છે.

૪ ખ્રસ્તી ધર્મ–એશિઆટિકટર્કીમાં ચાલેછે, ને હમણાં એશિઆનાં બીજા ભાગોમાં પણ ફેલાતો જાયછે.

---

## INDIA હિંદુસ્તાન.

Boundaries સીમા–ઉત્તર (નાર્થ) માં હિમાલયપર્વત.

પૂર્વ (ઇસ્ટ) માં બરમા અને બે ઑફ બેંગાલ

દક્ષિણ (સાઉથ) માં ઈંડિઅન ઓશન.

પશ્ચિમ (વેસ્ટ) માં અરેબીઅનસી, અફ્ઘાનિસ્તાન ને બલુચીસ્તાન.

Size વિસ્તાર–હિંદુસ્તાનનો કુલ ક્ષેત્રફળ આશરે 1½ મીલીઅન્સ એટલે ૧૫ લાખ સ્કેર માઇલ છે.

## Natural Divisions કુદરતી ભાગો.

૧ હિમાલયનો પ્રદેશ ૨ ગંગાનો પ્રદેશ ૩ (ઇંડસ) સીંધુનો પ્રદેશ ને ૪ દક્ષિણ.—હિંદુસ્તાન ત્રીકોણાકાર છે. વીંધ્યા પર્વતની દક્ષિણે જે હિંદુસ્તાનનો ભાગ છે તેને દક્ષિણ હિંદુસ્તાન કહેછે.

## Islands ટાપુ.

સીલોન (લંકા) હિંદુસ્તાનની દક્ષિણ (સાઉથ) માં છે.

લકદીવઝ, મલબારની પશ્ચિમ (વેસ્ટ) માં છે.

માલદીવઝ, લકદીવઝની દક્ષિણ (સાઉથ) માં છે.

રામેશ્વર હિંદુસ્તાન અને સીલોનની વચ્ચે છે.

એન્ડમન અને નીકોબાર, બે ઑફ બેંગાલમાં છે.

**એન્ડમન** બેટના રહેવાસીઓ કાળા અને જંગલી છે અહીં કાળે **પાણી** ચડાવેલા બંદીવાનોને રાખેછે. તેમાં **પોર્ટબ્લેર** જે કેદીઓને રાખવાની મુખ્ય જગ્યા છે, ત્યાં એક કેદીએ હિંદુસ્તાનના વાઈસરાય **લાર્ડ મેયો** સાહેબનો વિના કારણ ઘાત કર્યો હતો ઈ.સ. ૧૮૭૨

## Bays & Gulfs **ઉપસાગર અને અખાત.**

બે **ઓફ** બેગાલ, પૂર્વ (ઈસ્ટ)માં.

**ગલ્ફ ઓફ કેમ્બે,** અને **ગલ્ફ ઓફ કચ્છ** પશ્ચિમ (વેસ્ટ)માં.

**ગલ્ફ ઓફ મનાર,** ઇંડિઆ ને સીલોનની વચ્ચેછે.

## straits **સમુદ્રધુની.**

**પાક સ્ટ્રેટ,** ઇંડિઆ ને સીલોનથી છુટો પાડેછે.

## capes ભૂશિર.

**કામોરીન,** હિંદુસ્તાનની દક્ષિણની અણી છે.

**માન્ઝ,** સિંધમાં છે. આ હિંદુસ્તાનની પશ્ચિમની અણી છે.

**ડયુહેડ,** કાઠીઆવાડની દક્ષિણમાં છે.

**પોંઇટ કેલમીર,** સાઉથ ઈસ્ટ માં છે

પૉઇંટ **પામીરાસ,** ગહા નદીના મુખ આગળ છે.

## Mountains **પર્વત.**

ઉત્તરમાં **હિમાલય પર્વત**ની સૌથી ઉચી હાર છે. એના મુખ્ય શીખરો—**એવરેસ્ટ** (ગૌરીશંકર) **કુન્ચીચંગા, ધૂલાગીરી,** જન્મોત્રી, અને **શિવાલીક**છે

**સુલેમાન** (રેંજ,) હિંદુસ્તાન ને અફગાનેસ્તાનથી છુટો પાડેછે એનું **મુખ્ય શીખર તખ્તે સુલેમાન** છે.

**હાલારેંજ,** બલુચીસ્તાનને સિંધથી છુટો પાડેછે.

અરાવલી, (હિલ્સ) રાજપુતાનામાં છે. એનું મુખ્ય શીખર માંઉટ **આબુ છે.**

**વિંધ્યા પર્વત, નર્મદાની** ઉત્તરે (નાર્થ) માં છે.

**સાતપુરા,** (રેંજ) નર્મદા ને તાપીની વચ્ચે છે.

**ઉવેસ્ટર્ન ઘાટસ,** (પશ્ચિમ ઘાટ) પશ્ચિમ (ઉવેસ્ટ)માં છે.

**ઈસ્ટર્ન ગાટસ,** (પૂર્વ ઘાટ) પુર્વ (ઇસ્ટ) માં છે. **નીલગીરી (હીલ્સ) તેઓને જોડેછે.**

## Passes **ઘાટ.**

પાહાડોની વચ્ચે જે ઘણા સાંકડા ને ભયંકર રસ્તા હોયછે તેઓને (પાસ) **ઘાટ કહેછે. ખેબર અને બોલાન એ બે મુખ્ય પાસો અફઘાનિસ્તાન અને બલુચીસ્તાન માં છે.**

## Table Lands **ઉચ્ચ પ્રદેશ.**

**૧ દક્ષિણનો ઉચ્ચ પ્રદેશ. ૨ માળવાનો ઉચ્ચ પ્રદેશ.**

## Plains મેદાન.

૧ (ગંગ) ગેંજીસનું પ્લેન.

૨ (સિંધુ) ઇંડસનું પ્લેન (એના એક ભાગને થડ કહેછે)

૩ ઈસ્ટર્ન મેરીટાઇમ પ્લેન, અને ૪ વેસ્ટર્ન મેરીટાઇમ પ્લેન.

## Rivers નદીઓ.

બ્રહ્મપુત્રા, અને ગેંજીસ (ગંગા,) હિમાલયમાંથી નીકળીને બે ઓફ બેંગાલમાં પડે છે.

ઇંડસ (સિંધુ,) હિમાલયમાંથી નીકળીને અરેબીઆનસીમાં પડેછે.

ગેંજીસ (ગંગા)ની મુખ્ય શાખાઓ-ગોગ્રા, સોન, રામગંગા, ગોમતી, જમના, ગંડક, કુશી, ભાગીર્થી, ને હુગલી.

ઇંડસ (સિંધુ)ની મુખ્ય શાખાઓ-જેહેલમ, ચીનાબ, રાવી, બ્યાસ, સતલજ અને કાબુલ.

મહી, સાબરમતી, નર્મદા, અને તાપી, ગલ્ફ ઓફ કેમ્બેમાં પડે છે.

લુની, કચ્છના રણમાં પડેછે.

મહાનદી, ગોદાવરી, કૃષ્ણા, તુંગભદ્રા, પીનાર અને કાવેરી બે આફ બેંગાળ માં પડે છે.

## Lakes સરોવર.

કોલેર, કૃષ્ણા ને ગોદાવરીની વચ્ચે છે.

સાંભર, રાજપુતાનામાં છે

ચીલ્કા ને પુલીકટ, પૂર્વ (ઇસ્ટ) કિનારા ઉપર છે.

વલર, કાશમીરમાં છે.

મન્ચર, સેવાણની નજદીક છે.

## Climate આબો હવા.

હિંદુસ્તાનનો આશરે અર્ધો ભાગ ઉષ્ણ કટીબંધમાં છે; તેથી ઉંચા ભાગો સિવાય આ દેશની હવા ગરમ છે. મુખ્ય મોસમો ૩ છે. ઉનાળો, શિઆળો, ને ચોમાસું.

કારો મંડલ કિનારા અને વેસ્ટર્ન ડેઝર્ટમાં ગરમી ઘણી પડેછે. બ્રહ્મપુત્રાની ખીણોમાં અને પશ્ચિમ કિનારા ઉપર વરસાદ ઘણો પડેછે. અરાવલીની પશ્ચિમમાં વરસાદ થોડો પડેછે.

## Minerals ખનીજ પદાર્થ.

લોઢું અને સુરોખાર, ઘણો મળેછે. કોયલા, બેંગાલ અને મધ્યપ્રાંતો (સેંટ્રલ ઇંડિઆ) માંથી મળેછે. સિંધવ, પંજાબમાંથી નીકળેછે. હિંદુસ્તાન ઘણા વખતથી

હીરા અને રત્નો સારૂ પ્રખ્યાત છે કોહીનુર (કોહિ નુર એટલે પર્વતની રોશનાઈ) નામે પ્રખ્યાત હીરો, જે હમણાં આપણા મહારાણી વીકટોરિયાના તાજમાં છે, તે પણ ગોવળકોંડા આગળ ગોદાવરી નદીના કિનારા ઉપરથી મળેલો છે. સોનું, કેટલાક ભાગોમાંથી મળી આવેછે

## Vegetables વનસ્પતિ.

ચોખા, બંગાલામાં પુષ્કળ થાયછે. બાજરી ને જુવાર, મધ્ય પ્રાંતોમાં વવાયછે ઘઉં ઉત્તરમાં થાયછે. રૂ (કપાસ) મુંબઈ અને મધ્ય પ્રાંતોમાં વવાયછે અફીણ માલવા અને બહારમાં થાયછે ગળી, સણ, ને સરસવ, બંગાલ ને બહારમાં થાયછે. ચાહ આસામ અને હિમાલયમાં થાયછે. કોફી, મસલા અને તંબાકુ મદ્રાસ મલબાર ઘાટમાં થાયછે

ઈમારતી લાકડાં જેમ સાગ (Timber) સીસમ વગેરે. હિંદુસ્તાનનાં જંગલોમાં થાય છે. હિંદુસ્તાન વડનાં ઝાડોને લીધે પ્રખ્યાત છે. સીન્કોના ઝાડ જેમાંથી કવીનાઈન થાય છે, તે પાહાડી મુલકોમા થાય છે

### Animals–જનાવર.

ઘેટાં, બકરાં ભેંસો, ઘોડા, ઉંટ ને બીજા ચતુષ્પાદ પ્રાણીઢોર, મુખ્ય પાળવાના જાનવરછે. હાથી, વાઘ, સિંહ રીંછ અનેક જાતનાં વાંદરા. ને હરણ જંગલોમાં પુષ્કળ મળેછે. ગેંડા પૂર્વ (ઈસ્ટ) માં સિંહ ગુજરાતમાં, જંગલી ગધેડાં સિંધમાં મળેછે. ને રેશમના કીડા બેંગાલમાં ઉછેરાયછે.

## Population વસ્તી.

હિંદુસ્તાનની વસ્તી અઠાવીસ કરોડ અને સાઠ લાખછે, જેમાંથી ૨૨ કરોડ અંગ્રેજ સરકારની રૈયતછે. અને તેમાંથી આશરે ¾ ભાગ હિંદુઓ છે

અને બાકીનાં માણસો એટલે ¼ ભાગ મુસલમાન, યુરોપીઅન્સ, વગેરેછે. હિંદુઓ વિવેકી નમ્રતાવાળા, સતવાન અને પ્રમાણીકછે.

### Character ચાલ

બંગાલીઓ ઠીંગણા, નબળા ને બાયલા, પણ ચતુર, અને મેહનતુછે. સિખ લોકો ઊંચા કદાવરને શૂરાછે. દક્ષીણમાં તામીલ ઉદ્યોગીને સાહસિકછે હિંદુઓ ગરીબ, સભ્ય, ને પોતાના કુટુંબપર માયા રાખનારાછે. પણ તેઓ સુધારાના કામમાં પાછળ પડી ગયાછે લગનમાં તે લોકો ઘણો અમથો ખરચ કરી નાખેછે જેથી ઘણાખરા તો ગરીબ સ્થીતિમજ રહેછે. તેઓમાં બાળ લગન કરવાનો પણ રીવાજ છે. તેઓની સ્ત્રીઓ અજ્ઞાન રહેછે, કારણકે તે લોકો સ્ત્રી કેળવણીને પુરતું ઉત્તેજન આપતા નથી, પણ હાલના સુધરેલા લોકમાં સ્ત્રી કેળવણીનો વિચાર પ્રસરતો જાયછે, જાતી બંધન એટલું છે કે જેથી સુધારામાં ઘણી અડચણ પડેછે.

## Languages ભાષા (બોલીઓ)

હીંદુસ્તાનમાં આશરે ૧૦૦ બોલીઓ બોલાયછે, જેમાંથી મુખ્ય ત્રણ છે **૧ સંસ્કૃત ૨ દ્રાવિડિઅન ૩ બરમીઝ કલાસ.**

**સંસ્કૃત**માંથી **બેંગાલી, ઉરીઆ, હિંદી, પંજાબી, મરાઠી, ગુજરાતી, અને સિંધી,** બોલીઓ નીકળીછે.

**બેંગાલી,** બેંગાલના ઉપસાગરની ઉત્તર (નાર્થ) માં બોલાયછે.

ઉરીઆ, બેંગાલની વાયવ્ય કોણ (નાર્થ વેસ્ટ) માં બોલાયછે.

**હિંદી,** આખા હિંસ્તાનમાં બોલાય છે.

**પંજાબી,** પંજાબમા, **સિંધી** સિંધમાં, **મરાઠી** દક્ષણના પશ્ચિમ ભાગમાં, **ગુજરાતી,** ગુજરાત કાઠીયાવાડ અને કચ્છમાં, બોલાયછે

**દ્રવિડીઅન**માંથી **તામિલ, મલાયલન, કેનેડિ, તેલંગી,** અને **ગોંડી** બોલીઓ નિકળી છે. આ બધી બોલીઓ મદ્રાસ ઇલાકામાં બોલાય છે.

**બરમીઝ કલાસ**ની બોલીઓ ઇશાન કોણ (નાર્થ ઈસ્ટ)માં બોલાયછે. હમણાં **અંગ્રેજી ભાષા** પણ આખા હિંદુસ્તાનમાં ફેલાતી જાયછે.

## Industry ઉદ્યોગ

આશરે ૨/૩ માણસનો ભાગ ખેતીવાડી કરેછે અગાઉ હિંદુઓ **મલમલ** અને લુંગીઓની કારીગીરી સારૂ પ્રખ્યાત હતા. પણ પછી યુરોપમાં મેનિફેક્ચરો (સાંચા) હોવાથી આ હુન્નર નબળો પડી ગયોછે. **રૂ કાંતવાનાં** અને લુગડા વણવાના **સાંચા** મુંબઈ, કલકતા અને બીજાં કેટલાંક શહેરોમાં છે.

## Commerce વેપાર

હિંદુસ્તાનનો વેપાર હિંદુસ્તાન સિવાય બીજા બહારના દેશો સાથે પણ ચાલે છે.

## Imports આયાત કે આમદાની.

સુતરાઉ, રેશમી, અને ગરમ કાપડ, **ધાતુ, સંચા,** દારૂ, **કાચ,** કોયલા, અને બીજો વીલાયતી સાગન. (કટલરી વિગેરે)

## Exports નિકાસકે રવાનગી

**કપાસ, સણ, અનાજ, અફીણ,** ઊન, **ચામડાં,** ગળી, **ચાહ,** રેશમ સિંધવ અને કાફી. (અફીણ ઘણું કરીને **ચીનમાં** જાયછે.)

## Railways આગગાડીઓ.

**૧ ઈસ્ટ ઇંડિઅન સ્ટેટ રેલવે** કલકતાથી દીલ્લી સુધી જાય છે.

**ગ્રેટ ઇંડિઅન પેનીનશુલા રેલવે.**

મુંબઈથી જબલપુર અને નાગપુર સુધી જાય છે.

૩ મદ્રાસ રેલવે મદ્રાસમાં છે.

૪ નાર્થ વેસ્ટર્ન રેલવે, સિંધ અને પંજાબમાં.

## Education–કેળવણી.

આગળના વખતમાં ફકત બ્રાહ્મણોજ કેળવાયલા હતા. હમણા અંગ્રેજ સરકારે આખા દેશમાં નિશાળો અને કોલેજો (વીદ્યાલ્યો) ઉઘાડી છે, જેથી દરેક જાતના મનુષ્યને પુરતી કેળવણી મળી શકે છે.

## Religions–ધર્મ.

હિંદુસ્તાનના મૂળવતનીઓ જેઓ જંગલી હતા તેઓ પ્રેતોની પુજા કરતા હતા. અને હજી સુધી પણ કેટલાક ભાગોમા તેઓની પુજા કરે છે.

આર્ય લોકો કેવલ ઈંદ્ર, અગ્નિ, ને સૂર્યને પૂજતા. પણ પછી દેવતાઓ ની સંખ્યા વધતી ગઈ.

જૈન ધર્મ જે બુધ ધર્મમાંથી નીકલ્યો છે તે પશ્ચિમ (વેસ્ટ)માં ચાલે છે.

મુસલમાની ધર્મને માનનારા માણસો આખી વસ્તીનો પાંચમો ભાગ છે.

પારસીઓ જે પશ્ચમ કિનારા ઉપર વસે છે. તેઓ અસલ ઈરાન દેશથી આવ્લા છે. તેઓ જરથોસ્ત (ઝોરાસ્ટ્રયન) ધર્મના છે, અને અગ્નિ (આતશ)ની પુજા કરેછે.

ખ્રિસ્તી ધર્મ પણ હમણાં હિંદુસ્તાનમાં દાખલ થતો જણાય છે.

## Political Divisions–રાજકારભારને લગતા ભાગો.

| | |
|---|---|
| 1 British Possessions. બ્રિટિશ પઝેશન્સ | બ્રિટિશરાજય. |
| 2 Protected States પ્રોટેકટેડ સ્ટેટસ | દેશી રાજય અને ફયુડેટરી સ્ટેટસ (Feudatory States) સ્ટેટસ પણ કહે છે. |
| 3 Independent States ઈન્ડિપેન્ડન્ટ સ્ટેટસ | સ્વતંત્ર રાજય. |
| 4 Foreign Possessions ફારેન પઝેશન્સ | પરદેશી રાજય. |

## British Possessions–બ્રિટિશરાજય.

૧ લોઅર પ્રાવિનસીઝ આફ બેંગાલ ૨ નાર્થ વેસ્ટ પ્રાવિનસીઝ અને આઉધ (અયોધ્યા,) ૩ પંજાબ. આ લેફટેનંન્ટ ગવરનરોના હાથ નીચે છે. —— ૪ આસામ, ૫ સેન્ટ્રલ પ્રાવિનસીઝ, ૬ બરમાં, ૭ બરાર, ૮ અજમેર ૯ કુર્ગ, આ ચીફ કમિશનરોના હાથ નીચે છે.

૧૦ બોમ્બે પ્રેસીડેન્સી, ૧૧ મદ્રાસ પ્રેસીડેન્સી, આ ગવરનરોના હાથ નીચે છે.

## Native States—દેશી રાજયો.

હિંદુસ્તાનમાં અંગ્રેજ સરકારના તાબામાં આશરે ૧૯૦ દેશી રાજયો છે તેમાં નીચે દરસાવેલાં મુખ્ય છે.

૧ રજપુતાના. ૨ હૈદ્રાબાદ–દક્ષિણ (ડેકન) ૩ સેન્ટ્રલ ઈંડિઆ એજન્સી ૪ વડોદરા ૫ મૈસુર આ વાયસરાયના, તાબામાં દેશી રાજયોછે.

### બેંગાલ સરકારના હાથ નીચેનાં દેશી રાજયો

સીકમ, ૨ કુચબિહાર, ૩ હિલટિપરા, અને ૪ છોટા નાગપુર.

### પંજાબ સરકારના હાથ નીચેનાં દેશી રાજયો

૧ કાશમીર, ૨ ભાવલપુર, ૩ સિખ સ્ટેટસ અને ૪ હિલસ્ટેટસ.

### નાર્થ વેસ્ટર્ન પ્રાવીન્સીઝ અને આઉધના સરકારના હાથ નીચેનાં દેશી રાજયો

૧ રામપુર ને ૨ ગરવાલ.

### મુંબઇ સરકારના હાથ નીચેનાં દેશીરાજયો.

૧ કચ્છ, ૨ ગુજરાત ૩ ખેરપુર ૪ કોલાપુર ૫ સાંવતવાડી

### મદ્રાસ સરકારના હાથ નીચેનાં દેશીરાજયો.

૧ ત્રાવણકોર ૨ કોચીન.

## Independent States—સ્વતંત્ર રાજયો.

ભુતાન અને નેપાલ.

## Foreign Possessions—પરદેશી રાજયો.

૧ પોંડચરી, ૨ કારીકલ, ૩ માહી, ૪ યાનામ, અને ૫ ચંદ્રનગર. ફ્રેંચોના હાથમાંછે.

૧ ગોઆ, ૨ દીવ, ૩ દમણ, પોર્ટુગીઝના હાથમાં છે.

ચિન્શુરા, ડચ લોકોના હાથમાં છે.

## Government—સરકાર.

હિંદુસ્તાનનો રાજય કારભાર ચલાવવા સારૂ ઈંગ્લાંડમાં એક સેક્રેટરી આફ સ્ટેટ ફૉર ઈંડિઆ અને તેની કાંઉસિલ (સભા) નિમેલા છે. હિંદુસ્તાનમાં સૌથી મોટો અમલદાર (સતાવાળો) ગવર્નર જેનરલ–વાઈસરોય છે તેને લેજીસલેટિવ કાંઉસિલ (ધારા સભા.) છે. જે આખા હિંદુસ્તાન સારૂ ધારા અને કાયદા બાંધેછે. દરેક ખાતા સારૂ એકેક ગર્વનર નિમેલા છે. તેને પણ

પોતાની એક લેજીસ્લેટીવ કાંઊસિલ (ધારાસભા છે જે પોતાના ખાતા સારૂ કાયદા અને કાનુનો બનાવે છે. ન્યાય સારૂ જજ અને માજીસ્ટ્રેટો દરેક જગ્યાએ નીમેલાછે.

Revenue વસુલાત.

હિંદુસ્તાનની વાર્ષિક વસુલાત ૮૦ કરોડ રૂપિઆની છે. વસુલાત કરવા સારૂ કલેક્ટરો અને બીજા અમલદારો મુકરર કરેલા છે.

Lower Provinces of Bengal.

લોઅર પ્રોવિન્સીઝ ઓફ્ બેંગાલ.

આના મુખ્ય ચાર ભાગ કરેલા છે ૧ બેંગાલ, ૨ ઓરીસા, ૩ બેહાર ને ૪ છોટાનાગપુર

પેદાશ. ચોખા, ગળી, અફીણુ, ખાંડ તમાકુ અને રેશમ.

મુખ્યશાહેરો—

કલકત્તા, હિંદુસ્તાનની રાજધાની હુગલી નદીપર છે- આ વેપારનું મથક છે. અહીં ફોર્ટવિલ્યમ નામે કિલ્લો છે.

પ્લાસી, કલકત્તાની નજદીક છે. ઈ.સ. ૧૭૫૭ ની લડાઈ સારૂ પ્રખ્યાત છે.

મુર્શિદાબાદ અગાઉ બેંગાલના નવાબની રાજધાની હતું.

કાસિમબજાર રેશમના કારખાના સારૂ આગળ પ્રખ્યાત હતું.

દારજીલીંગ ઠંડી હવા સારૂ પ્રખ્યાત છે. અહીં લેફટેનન્ટ ગવેનર ઉનાળામાં રહેછે.

ઢાકા મલમલના કારખાના સારૂ પ્રખ્યાત છે

ચીટાગાંગ ઈમારતી લાકડા સારૂ પ્રખ્યાત છે.

હુગળી એજ નામે નદીપર, છે. અહીંઆં અંગ્રેજોએ પોતાની પહેલી બેઠક કરી હતી.

ચીનસુરા ડચ લોકોના હાથ નીચે છે

ચંદ્રનગર ફ્રેંચ લોકોના હાથ નીચે છે.

શ્રી રામપુર અંગ્રેજોને ડેન્સ લોકો પાસેથી મલ્યું હતું

Orissa ઓરીસા

કટક મહા નદીપર છે.

પુરી એમાં જગન્નાથનું મંદીર છે. આ તીર્થની જગ્યા છે.

Behar બેહાર.

પટના અસલ રાજધાની.

ગયા જાત્રાનું સ્થળ છે (હિંદુઓનું)

બકસાર અહીંઆં ઈ.સ. ૧૭૬૪માં લડાઇ થઈ હતી.

## N. W. Provnices & Oudh.

## નાર્થ ઉવેસ્ટર્ન પ્રોવીનસીઝ એન્ડ આઉધ.

**પેદાશ–ઘઉં, અફીણ, તેલીયાં બીયાં, ખાંડ,** કપાસ, ગળી અને **ચાહ.**

સુખ્ય **શહેર–**

**અલ્હાબાદ** રજધાની છે આ ગામ ગંગા **અને** જમનાના **સંગમ** પર છે એને હિંદુઓ પ્રયાગ કહેછે. તે **જાત્રાનું સ્થળ છે.**

**કાનપુર–**ગંગા નદીપર **લશ્કરી છાવણી છે. તે** બળવા સારૂ પ્રખ્યાત **છે. ૧૮૫૭**

**બનારસ–**એને કાશી પણ **કહેછે આ તીર્થની જગ્યા** છે ને **હુનરનું ઠેકાણું છે.**

આગ્રા–જમના નદીપર **તાજ** મહાલને સાર પ્રખ્યાત **છે.**

**કનોજ–**મોટું શહેર છે.

**મથુરા–**કૃષ્ણની જન્મભૂમી છે.

**મીરત–**અહીં લશ્કરી છાવણી છે. ઈ.સ. ૧૮૫૭માં ત્યાં બળવો ઉઠયો હતો.

**હરિદ્વાર–**ગંગા ઉપર તીર્થની જગ્યા છે.

**રૂરકી–**અહી મોટી ઈન્જીનીઅરિંગ કાલેજ છે.

### Oudh આઉધ.

સુખ્ય **શહેરો**

**અયોધ્યા કે આઉધ– શ્રીરામચંદ્રની જન્મભૂમી છે.**

**લખનૌ–**ગાદીની જગ્યા ગોમતી **પરછે.**

### The Punjab ધી પંજાબ.

Boundaries–**સીમા**

ઉત્તર (નૉર્થ)માં **કાશમીર.** પૂર્વ (ઈસ્ટ)માં **જમના. દક્ષિણ (સાઉથ)** માં **રાજપુતાના** પશ્ચિમ (ઉવેસ્ટ)માં **સુલેમાન** પર્વત (માંઉન્ટેન્સ).

**પેદાશ–કુટકી કાળાબાગમાં; રેશમ, મીણ** અને **મધ, મુલતાનમાં–ઘઊં** આખા **ઈલાકામાં.** આ **ઈલાકો** સુતરાઉ ને રેશમી લુગડાં અને શાલોનાં કારખાના સારૂ પ્રખ્યાત **છે.**

મુખ્ય **શહેરો–**

**લાહોર** રાવી નદીપર ગાદીની જગ્યા છે.

**અમ્રીતસર–**સિખ લોકોનું પવિત્ર શહેર છે. સુતરાઉ ને **રેશમી** લુગડાં અને શાલોના કારખાનાં સારૂ પ્રખ્યાત છે. અમ્રતસર અમ્રીત સરોવર એટલે અમૃતનું સરોવર **અહી ગુરૂ નાનકશાહનું** મંદીર (દરબાર)છે.

**લુધીઆના**—સતલજ નદી પર અહીં લુંગીઓનાં કારખાનાં છે.

**અલીવાલ, સોબ્રાઉન, ફિરોઝશાહ,** અને **મુધકી** અહીં ઈ. સ. ૧૮૪૫-૪૬ માં **અંગ્રેજો** અને **સિખ** લોકો વચ્ચે લડાઈઓ થઈ હતી.

**અંબાલા** સતલજ નદીપર, લશ્કરી મથક છે.

**સીમલા** ઠંડી હવા સારૂ પ્રખ્યાત છે અહીં વૉઇસરૉય ઉનાળામાં રહે છે.

**પાણીપત** આંહી ત્રણ લડાઈઓ થઇ હતી ઈ સ. ૧૫૨૬, ૧૫૫૬. ૧૭૬૧.

**દીલ્લી** જમના નદીપર, આ શેહેર પ્રાચીન કાળમાં હિંદુરાજ્યની ગાદીની જગ્યા હતું, ને પાછળથી મુગલોની ગાદીની જગ્યા હતું.

**મુલતાન** આ લશ્કરી મથકને કારખાના વાળું શહેર છે.

**પેશાવર** ને **રાવલપીંડી** લશ્કરી મથક છે.

## Rajputana—રાજપુતાના.

**રાજપુતાના** સિંધની પૂર્વે (ઈસ્ટ) અને પંજાબની દક્ષિણ (સાઉથ) માં છે. તેનો વિસ્તાર મુંબઈ ઈલાકા કરતાં પણ વધારે છે.

People **માણસ**

આંહીનાં માણસ રજપુત કહેવાય છે. તેઓ શુરા છે. ને અફીણ વાપરે છે.

Towns **શેહેરો**

**જોધપુર,** ગાદીની જગ્યા છે **જયપુર, ઉદેપુર, ચીતોડ, બીકાનેર** ને **જેસલમીર** મોટાં શહેરો છે.

**ભરતપુર** આ શેહેર ઘેરા સારૂ પ્રખ્યાત છે, ઈ સ ૧૮૨૭.

## Central India Agency—સેંન્ટ્રલ ઇંડિઆ એજન્સી.

મુખ્ય **રાજ્યો**

**રેવા** ને **બુંદેલ** ખંડ પૂર્વે (ઈસ્ટ) માં છે.

**ગ્વાલીઅર** અથવા **સિંધીયાનું** રાજ્ય ઉત્તર (નૉર્થ) માં છે.

**ભોપાલ** અને **ઇંદોર,** અથવા **હોલકરનું** રાજ્ય દક્ષિણ (સાઉથ) માં છે.

Towns—**શહેરો**

**રેવા, રેવા** સંસ્થાનની ગાદીની જગ્યા છે.

ગ્વાલીઆર, **સિંધીઆની** રાજધાની છે.

ઉજ્જેન **માલવાની** ગાદીની જગ્યાછે. આંહી રાજા વિક્રમ રાજ કરતો હતો.

ઇંદોર-હોલકરની **રાજધાની**.

ભોપાલ-ભોપાલની રાજધાની એક મુસલમાન બેગમના હાથ નીચેછે.

## Centeral Provinces મધ્યપ્રાંતો.

**Produce પેદાસ**–ચોખા, અને મણી.

### Towns શહેરો.

**નાગપુર** ગાદીની જગ્યા

**જબલપુર** અહીં તંબુ સારા બને છે.

## Nizam's Dominions નીઝામનું રાજ્ય.

### Towns શહેરો.

**હૈદ્રાબાદ** કૃષ્ણા નદીપર ગાદીની જગ્યા છે.

**ગોવળકોંડા** કૃષ્ણા નદીપર હીરા વાસ્તે પ્રખ્યાત છે.

**ઔરંગાબાદ.** ઔરંગઝેબનું બંધાવેલું તથા પ્રિય રહેઠાણ ગોદાવરી નદી પર છે.

**દોલતાબાદ.** અથવા દેવગીરી અહીં ડુંગરી કિલ્લો છે.

**અસઇ** અહીં લાડ વેલસલીએ મરાઠાઓને ઇ.સ. ૧૮૦૩માં હરાવ્યા હતા

## Berar બેરાર.

**Production પેદાશ**–કપાસ.

### Towns શહેરો

**અમરાવતી** આ શહેર કપાસ સારૂ પ્રખ્યાત છે.

**અકોલા** અને **ઈલિચીપુર** બીજાં મોટાં શહેર છે.

## Bombay Presidency મુંબઈ ઇલાકો.

**Boundaries સીમા**–ઉત્તર (નાર્થમા) બલુચિસ્તાન ને રાજપુતાના. પૂર્વ (ઈસ્ટ)મા સેંટ્રલ પ્રાવીનસીઝ ને નીઝામનું રાજ્ય. દક્ષિણ (સાઉથ)માં મૈસુર. પશ્ચિમ (વેસ્ટ)માં અરેબીઅનસી ને બલુચિસ્તાન.

### Divisions ભાગ

**સિંધ, કચ્છ, કાઠિઆવાડ, ગુજરાત, ને માહારાષ્ટ.**

### Population વસ્તી

આશરે ૨૮ મિલીઅન્સ છે. જેમાંથી ... ઘણો ભાગ હિંદુઓ ને ... ભાગ મુસલમાન છે. અને બાકીના ...ન, ખ્રીસ્તી અને પારસીછે.

### Languages બોલીઓ

**મરાઠી, ગુજરાતી, સિંધી,** અને દક્ષિણમા કનેડી.

## Climate આબો હવા.

અહીં વરસાદ પુષ્કળ પડેછે. જેથ હવા શાંત છે. સિંધમાં વરસાદ થોડો પડેછે જેથી ત્યાં ગરમી વધારે છે.

## Production પેદાશ.

અનાજ, કપાસ, નાળીએર સાગનાં લાકડા વગેરે.

## Towns શહેરો.

બામ્બે (મુંબઈ) હિંદુસ્તાનમાં સૌથી મોટું શહેર ને એશિઆખંડમાં સૌથી મોટું વેપારનું બંદર છે આ શહેર ઇ.સ. ૧૬૬૧માં અંગ્રેજી બાદશાહ ચાર્લસ બીજાને પોર્ચુગાળના બાદશાહ પાસેથી કન્યાદાનમાં મલ્યું હતું. આ શહેરમાં ઈ.સ. ૧૮૯૬માં પલેગની બીમારીની શરૂઆત થઈ હતી.

**સુરત**—આ શહેર તાપી નદીપર છે. અહીં અંગ્રેજોએ ઈ.સ. ૧૬૧૨માં કોઠી નાંખી હતી.

**ભરૂચ** નર્મદા નદીપર કપાસના વેપાર સારૂ પ્રખ્યાત છે.

**અહમદાવાદ**—સાબરમતી પર અહીં સારો કીનખાબ થાયછે.

**નાશિક** ગોદાવરી પર તીર્થની જગ્યા છે.

**અહમદનગર** માગ ન, મુસલમાની બાદશાહતની ગાદીની જગ્યા છે.

**પુના** પેશવાની ગાદીની જગ્યા. અહીં લશ્કરી છાવણી છે.

**સતારા** મરેઠાની ગાદીની જગ્યા.

**મહાબ્લેશ્વર**—ઠંડા હવાને લીધે પ્રખ્યાત છે. ઉનાળામાં ગવર્નર અહીં રહેછે.

**બેલગામ** લશ્કરી છાવણી છે.

**ધારવાર** કપાસના વેપાર સારૂ પ્રખ્યાત છે.

**શોલાપુર**. બીજાપુર ને રત્નાગીરી બીજાં મોટાં શહેરો છે.

**કરાચી**, સિંધની ગાદીની જગ્યા, વેપાર સારૂ પ્રખ્યાત છે.

અહીં ઇ. સ. ૧૮૯૬ ૯૭ માં પ્લેગ થઈ હતી.

ઠટા સિંધનીઅસલ રાજધાની છે.

હૈદ્રાબાદ સિંધના મીરોની રાજધાની.

ઉમરકોટ, શિકારપુર, સખર, કોહરી લારકાણા, બીજા સિંધમાં મુખ્ય શહેર છે.

## Madras Presidency મદ્રાસ પ્રેસીડેન્સી

**Production પેદાશ**

લોઢું ઘણું થાયછે. કોઈ કોઈ ભાગોમાંથી સોનું અને હીરા મળી આવેછે. ચોખા, તમાકુ, કપાસ, નાળીએર, કોફી, ઈમારતી, લાકડું, એલચી, ને તેજાના.

Towns શાહેરો

મદ્રાસ, ગાદીની જગ્યા પૂર્વમાં છે. અહીં સેન્ટ જ્યોર્જનો કિલ્લો છે.

મસલીપટમ, કૃષ્ણા ઉપર

ટાંજોર, કાવેરી પર.

રામેશ્વર, તીર્થની જગ્યા છે.

આરકાટ, કરનાટકના નવાબોની રાજધાની.

વેલોર, ૧૮૦૬ના બળવા સારૂ પ્રખ્યાત છે.

ટ્રીચનાપુલી, કાવેરીપર લશકરી મથક છે. અહીંના ચીરૂટ સારા થાયછે.

ઉટાકંમંડ, ઠંડી હવા ખાવાની જગ્યાછે.

કેલીકટ, ને કોચીન, મલબાર કિનારાપર મુખ્ય બંદરો છે.

મેંગલોર, આ દેશના ટાઇલ્સ (નળીયાં) વખણાયછે.

## Mysore મ્હેસુર

### Towns શાહેરો.

મ્હૈસુર-અહીં મહારાજા રહેછે.

સિરીંગાપટ (શ્રીરંગપટણ) હૈદરઅલીના વખતમાં ગાદીની જગ્યા હતી, આ શહેરના ઘેરામાં ટીપુસુલતાન માર્યો ગયો હતો.

## Chief Ports મુખ્ય બંદરો.

• કરાચી, પોરબંદર, બ્રોચ, સુરત, બામ્બે (મુંબઇ,) રતનાગીરી, પેંજીમ (ગોઆ,) મેંગલોર, કેલીકટ, કોચીન, પોંડેચરી, મદ્રાસ, મસલીપટમ, પુરી ને કલકતા.

## Foreign Trade બીજા દેશો સાથે વેપાર.

હિંદુસ્તાનનો વેપાર ઘણું કરીને, બ્રીટન, ચાઇના, ફ્રાન્સ, યુનાઇટેડ સ્ટેટસ અને સ્ટ્રેટ સેટલમેંન્ટસ સાથેછે.

Britain-બ્રિટન.

અફીણ, સિવાય હિંદુસ્તાનનો બીજો બધો વેપાર બ્રીટન સાથે ચાલેછે.

China-ચાઇના.

અફીણ, સુતરાઉ લુગડાં, અને કપાસ, ચીનમાં જાયછે. કાચું રેશમ અને ખાંડ, ચીનથી અહીં આવેછે.

France ફ્રાન્સ

કપાસ, ગળી, કૌફી, અને કાચું રેશમ, જાયછે. લુગડાં અને દારૂ (મદીરા) ફ્રાન્સથી આવેછે.

Strait Settlements-સ્ટ્રેટ સેટલમેંટસ.

અફીણ, ચોખા અને સુતરાઉ કાપડ, જાયછે. મસાલા, કાચું રેશમ અને કલાઇ, ત્યાંથી અહીં આવેછે.

United States યુનાઇટેડ સ્ટેટસ.

ગળી, અને ચામડું, ત્યાં મોકલવામાં આવેછે. કેરોસીન ઓઇલ (તેલ) ત્યાંથી અહીં આવેછે.

Mauritius-મૉરીશયસ.

અનાજ, ત્યાં મોકલવામાં આવેછે, અને ખાંડ, ત્યાંથી અહીં આવેછે.

Persian Gulf-પરશીઅન ગલ્ફ.

સુતરાઉ કાપડ, ચોખા, ગળી અને કાફી, જાયછે. ઉન, ઘોડા, મેવો, મોતી, કપાસ અને કાચું રેશમ, ત્યાંથી આપણા દેશમાં આવેછે.

Ceylon સીલોન. (લંકા)

સીલોન (લંકા) હિંદુસ્તાનની દક્ષિણમાં એક મોટો બેટ છે. આ બેટના માણસો બુદ્ધ ધર્મ પાળેછે.

Production-પેદાશ.

સીલોન જવાહેર સારૂ પ્રખ્યાત છે. હાથીદાંત, કૌફી, ચોખા, નાળીએર ચાહ, તજ, અને કરીઆણું, ત્યાંની મુખ્ય પેદાશ છે.

Towns શહેરો.

કોલમબો ગાદીની જગ્યા છે.

ટ્રિનકોમાલી અને કાંદી બીજાં બે મોટા શહેરો છે.

## RIVERS & TOWNS OF ASIA.

## એશિઆની નદીઓ અને તેનાપર આવેલા શહેરો.

| RIVER | TOWNS |
|---|---|

યેંગટિસકિએંગ – નેનકિંગ, નિંગેનકિંગ, વુચેંગ, અને યુનેન.

હોઆંગો – કેફ્રંગ અને લેન્ચો.

એમુર – સગેલીઅનઉલા, અને નરચીન્સ્ક.

ઇર્ટીશ – ટોબોલ્સ્ક, અને ઓમ્સ્ક.

ઓબી – બેરીઝો, અને ટોમસ્ક.

ટાઇગ્રિસ – બગદાદ–મોસલ, દાયડ અને બેકર.

યુફ્રેટીસ – બસરાહ, હિલાહ, આર્ફા અને અર્ઝરૂમ.

ગેંજીસ (ગંગા) – હરિદ્વાર, ફરખાબાદ, કાનપોર, અલ્લાહબાદ, (પ્રયાગ,) બીનારસ, પાટના, મુર્શીદાબાદ, હુગલી, કલકતા, દીલ્હી. મથુરા અને આગ્રા.

ઇંડસ (સિંધુ) – અટક, સખર, રોહરી, લારકાણાં, હૈદ્રબાદસિંધ, કોટરી અને ઠટા.

લેના – યાકુટિસ્ક.

યેનીસી – યેનીસિસ્ક ઉર્ગા, અને ઇર્કુટિસ્ક.

એશિઆમાં સૌથી મોટી નદી–યેંગટિસ્કીઅંગ

,, મોટું મીઠા પાણીનું સરોવર–બૈકાલ.

,, ,, ખારા પાણીનું સરોવર કેસપીઅનસી.

,, ,, પર્વત–હિમાલય.

,, ,, દેશ–સૈબીરીઆ.

,, ઘાડી વસ્તીવાળો દેશ–ચાઇના.

## Chief Ports of Asia.

## એશિઆનાં મુખ્ય બંદરો.

| | |
|---|---|
| બલેકસીપર – ટ્રેબીઝાન્ડ, અને સીનોપ.<br>મેડિટરેનિઅનસીપર – સ્મરના, ટ્રિપોલી.<br>બેરૂટ, એકર, અને ગાઝા. | આ એશિઆટિક ટર્કીના બંદરોછે. |
| રેડસી પર – જીડા, અને મુખા.<br>ગલ્ફ ઓફ એડન પર – એડન.<br>અરેબિઅનસી ,, – મસ્કત | આં બંદરો અરેબિઆનાં છે. |

પરશિઅનગલ્ફ — બંદર અબાસ અને બુશાહીર (બુશીર) આ પરશિઆનાં બંદર છે.

સિલોનનાં બંદર.

કોલમ્બો અને ટ્રીન્કોમાલી.

ફર્ધરઈંડિઆનાં બંદર.

ચિટાગાંગ, પેગુ, મલાકા, સિંગાપુર, બેન્કાક અને સેગન.

ચાઇનાનાં બંદર.


હાંગકાંગ, કેન્ટન, એમોય, ફુચો, નિંગપો અને શાંગાય.

જાપાનનાં બંદર.

નેધાસાકી,

શૈબિરિઆનાં બંદર.

પેટ્રોપાલોસ્કી.



# EUROPE યુરોપ.

યુરોપ દુનિયામાં સૌથી હાલ સુધરેલો અને હુન્નરવાળો ખંડ ગણાય છે. તે પૂર્વ ગોળાર્ધની વાયવ્ય કોણ N. W. માં છે.

## Boundaries–સીમા.

ઉત્તર (N.) માં આર્કટિકઓશન.

પૂર્વ (E) માં, યુરલ માંઉટન્સ, અને કેસપિઅનસી.

દક્ષિણ (S) માં, કાકેઅસ રેંજ, બ્લેકસી, અને મેડિટરેનીઅનસી.

પશ્ચિમ (W.) માં એટલાન્ટીક ઓશન.

## Countries–દેશો.

### In the North West. વાવ્ય કોણમાં.

| Country દેશ. | | Capital રાજધાની. | River &c. નદી વગેરે. |
|---|---|---|---|
| ગ્રેટબ્રિટન | ઇંગલંડ. | લંડન. | ટેમ્સ. |
| | સ્કાટલંડ | એડિનબરો. | ફર્થ ઓફ ફોર્થ. |
| | આયર્લંડ | ડબ્લીન. | લિફી. |
| સ્કેન્ડિનેવ્યા | નોર્વે | ક્રીશ્ચનિઆ. | ક્રિસ્ટાફિઓર્ડ |
| | સ્વીડન | સ્ટાકહોમ. | લેક માલાર. |

### In the North East ઇશાન કોણમાં.

| | | |
|---|---|---|
| રશિઆ. | સેંટપીટર્સબર્ગ. | નેવા. |
| પ્રશિઆ. | કોનિગઝબર્ગ. | વિસ્ચુલા. |
| ડેન્માર્ક. | કોપિનહેગિન. | ધી સાંઉડ. |
| હોલંડ અથવા નેધરલંન્ડસ. | એમ્સ્ટરડામ. | એમ્સટેલ |
| બેલજીઅમ | બ્રુસેલ્સ. | સેન. |

### In the Centre–મધ્યમાં.

| | | |
|---|---|---|
| ફ્રાન્સ. | પેરિસ. | સેન. |
| સ્વિટ્ઝર્લંડ. | બર્ન. | આર. |
| જર્મન સ્ટેટસ. | બર્લીન. | સ્પ્રી. |
| આસ્ટ્રીઆ. | વિઅના. | ડેન્યુબ. |
| પોર્ચુગલ. | લિઝબન. | ટેગસ. |

| | | |
|---|---|---|
| સ્પેન. | મેડ્રિડ. | મેનઝેનારસ. |
| ઇટલી. | રોમ. | ટાઇબર. |
| ગ્રીસ. | અથેન્સ. | ગલ્ફ ઓફ એજીના. |
| ટર્કી. | કાન્સટેન્ટીનોપલ. | બાસ્પોરસ. |

## Seas & Gulfs સમુદ્ર અને અખાત.

થી વાઈટસી, (નાર્થ) ઓફ રશિઆ, આ આર્કટિક ઓશનની શાખા છે.

બાલ્ટિકસી, રશિઆ પ્રશિઆ અને સ્વીડનની વચ્ચેછે.

ગલ્ફ ઓફ બોથિન્યા, એની (નાર્થ) ઉતરની શાખા, અને ગલ્ફ ઓફ ફિન્લંડ તેની પૂર્વ (ઈસ્ટ)ની શાખા છે. આ સમુદ્ર છીછરો છે, અને તેમાં ઘણી નદીઓ પડેછે તેથી તેનું પાણી બીજા સમુદ્રોના પાણી કરતાં ઓછું ખારૂં છે.

ઈંગલીશ ચેનલ, ઈંગલંડ અને ફ્રાન્સની વચ્ચે છે.

નાર્થસી અથવા જર્મન ઓશન, ગ્રેટબ્રિટન અને યુરોપની વચ્ચે છે.

આયેરિશસી અને સેંટ જ્યારજીસ ચેનલ, ઈંગલન્ડ અને આર્યલન્ડની વચ્ચે છે.

બે ઓફ બિસ્કે. (W) ઉવેસ્ટ ઓફ ફ્રાન્સ. એના પાણીમાં ઘણો જોશછે.

મેડીટરેનિઅનસી, યુરોપ ને આફ્રિકાથી છુટો પાડેછે. એ સમુદ્ર દુનિઆના મધ્ય ભાગમાં છે જેથી એને આ નામ મેડીટરેનિઅનસી ભૂમધ્ય સમુદ્ર મળ્યું છે.

એની શાખાઓ—ગલ્ફ ઓફ લાયન્સ (S.) સાઉથ ઓફ ફ્રાન્સ.

ગલ્ફ ઓફ જેનીવા (N. W.) નાર્થ ઉવેસ્ટ ઓફ ઈટલી.

ગલ્ફ ઓફ ટારેન્ટો (S. E.) સાઉથ ઈસ્ટ ઓફ ઈટલી.

એડ્રિઆટિકસી, ઈટલી અને ટર્કીની વચ્ચેછે.

આર્કીપિલેગો અથવા એજીઅન્સી, ગ્રીસ અને એશિઆટિકટર્કીની વચ્ચેછે.

સી ઓફ મારમોરા, યુરોપિઅન ટર્કી અને એશિઆટિકટર્કીની વચ્ચેછે.

બ્લેકસી (N.) નાર્થ ઓફ એશિઆમાઇનર.

સી ઓફ એઝાવ (S.) સાઉથ ઓફ રશિઆ

## Islands બેટો.

### In the Arctic Ocean આર્કટિકઓશનમાં.

નાવાઝેમ્બલા અને સ્પીટ્ઝબર્જન (N) નાર્થ આફ રશિઆ.

## In the Atlantic Ocean એટલાન્ટીક ઓશનમાં.

બ્રિટિશ આઈલ્સ (N. W.) નાર્થ ઉવેસ્ટ આફ ફ્રાન્સ.

ફેરો, શેટલન્ડ, આર્કનીઝ, અને હેબ્રીડીઝ (N.) નાર્થ આફ સ્કાટલાંડ.

આઈસલન્ડ (W.) ઉવેસ્ટ આફ નાર્વે.

એઝોર્સ (W) ઉવેસ્ટ આફ પોર્ચુગાલ.

## In the Baltic Sea બાલટિકસીમાં

ઝીલંડ, ફ્યુનાન, લાલાંડ, બાર્નહોમ, ઓલાંડ, ગાયલેન્ડ, ઈઝિલ, ડાગો અને આલેન્ડ.

## In the Mediterranean Sea મેડિટરેનીઅનસીમાં.

કાર્સીકા, સાર્ડીનીઆ, સીસલી, બેલ્યરિક આઈલ્સ (માઈનાર્કા, મેજાર્કા અને ઐવીઝા,) માલ્ટા, આયોનિઅન અઈલન્ડસ, કેન્ડીઆ, (ક્રીટ) અને સાઈકલીડિઝ.

## Straits સામુદ્રધુની

ધી સાઉંડ, બાલટિકસીનો માર્ગ છે અને કેટિગટને બાલટિકસી સાથે જોડે છે,

કેટિગટ, સ્કેગરરેકને બાલટિકસી સાથે જોડે છે.

સ્કેગરરેક, નાર્થસીને કેટિગટ સાથે જોડે છે.

ગ્રેટબેલ્ટ, ઝીલેંડ અને ફ્યુનાનની વચ્ચે છે.

લીટિલબેલ્ટ, ફ્યુનાન, અને ડેન્માર્કની વચ્ચે છે.

સ્ટ્રેટ આફ ડોવર, નાર્થસીને ઈંગલિશ ચેનલ સાથે જોડે છે.

સ્ટ્રેટ આફ જીબ્રાલ્ટર, મેડિટરેનિયનસીને એટલાન્ટીક ઓશન સાથે જોડે છે.

ડાર્ડિનેલ્સ અથવા હેલસપાંન્ટ, આર્કિપેલેગોને સી આફ મારમોરા સાથે જોડે છે

કાન્સ્ટેન્ટીનોપલ અથવા બાસ્પોરસ, સી આફ મારમોરાને બ્લેકસી સાથે જોડે છે

નાર્થ ચેનલ, N નાર્થ આફ આયરિશસી

સ્ટ્રેટ આફ બોનિફેશિયો, કારસીકા અને સારડિન્યાની વચ્ચે છે

સ્ટ્રેટ આફ મેસિના, ઇટલી અને સિસલીની વચ્ચે છે

સ્ટ્રેટ આફ ટારેન્ટો, એડ્રિઆટિકસીનો માર્ગ છે

સ્ટ્રેટ આફ યેનિકાલ, બ્લેકસીને સી આફ એઝાફ સાથે જોડે છે

## Capes ભૂશિર.

નાર્થ કેપ, N નાર્થમાં છે.

નાર્ડકિન, યુરોપની ઉત્તરની અણી છે

રોકા, પોર્ચુગાલમાં છે. એ યુરોપની પશ્ચિમની અણી છે.
ટેરીફાપોઇંટ, સ્પેનમાં છે, આ યુરોપની દક્ષિણની અણી છે.
ટ્રેફીલગાર, (S) સાઉથ ઓફ સ્પેન.
મેટાપાન, (S.) સાઉથ ઓફ ગ્રીસ.
ધી નેઝ, (S) સાઉથ ઓફ નાર્વે.
ધી સ્કા, (N.) નાર્થ આફ ડેન્માર્ક.
ધી રૉથ (N.) નાર્થ ઓફ સ્કાટલાંડ.
કેપ ક્લીઅર, (S. W.) સાઉથ ઉવેસ્ટ આફ આયરલન્ડ.
લિઝર્ડ પાઇંટ અને લેન્ડસએંડ, (S. W.) સાઉથ ઉવેસ્ટ આફ ઇંગ્લાંડ.
લાહાગ નાર્થ ઉવેસ્ટ આફ ફ્રાન્સ.
ફિનિસ્ટર, (N. W) નાર્થ ઉવેસ્ટ આફ સ્પેન.
સેંટવિનસેન્ટ, (S. W.) સાઉથ ઉવેસ્ટ આફ પોર્ચુગાલ.
લ્યુકા, અને સ્પાર્ટીવેન્ટો, (S) સાઉથ આફ ઇટલી.

## Peninsulas દ્વીપકલ્પ.

સ્કેન્ડીનેવિઆ (નાર્વે અને સ્વિડન) (N. W.) નાર્થ ઉવેસ્ટ આફ યુરોપ.
જટલંડ (N.) નાર્થ આફ ડેન્માર્ક.
સ્પેન, પોર્ચુગલ, ઇટલી, અને ગ્રીસ, ધી ઈન સાઉથ (S). આફ યુરોપ
ક્રાઇમ્યા (S.) સાઉથ આફ રશિઆ.
મોરિઆ, ઇન ગ્રીસ

## Isthmuses સંયોગીભૂમી.

ઇસ્મસ આફ કોરિન્થ, મોરિઆને ગ્રીસ સાથે જોડે છે.
ઇસ્મસ આફ પેરિકોપ ક્રાઇમ્યાને રશિઆ સાથે જોડે છે.

## Mountains પર્વતો.

યુરલ માઉન્ટન્સ, ઈન ધી (N. E.) નાર્થ ઈસ્ટ આફ યુરોપ.
ધી કાકેઝસ, (S.) સાઉથ આફ યુરોપ. માઉંટ એલબઝ એની ટોંચ છે.
જે આખા યુરોપમાં સૌથી ઉંચી જણાય છે.
ધી આલ્પસ, સ્વિટઝરલેન્ડમાં છે. માંઉટ બ્લેંક, તેની ટોંચ છે.
ધી એપીનાઇન્સ, ઈટલીમાં છે.
ધી કારપેથીઅન્સ, આસ્ટ્રિઆમાં છે.
બાલકનરેંજ, ટર્કીમાં છે.

ધી પિરિનિઝ,ફ્રાન્સ ને સ્પેનથી છુટો પાડે છે.

ધી સ્કેન્ડીનેવિઅન માંઉટન્સ, નાર્વેના કીનારાપર છે.

ધી ગ્રામ્પીઅન્સ સ્કાટલાંડમાં છે. બેનનેવિઝ તેની ટોચ છે.

## Volcanoes–જવાળામુખી.

